**21.09.2024** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

"મીઠાં બાળકો - બાપ કલ્પ - કલ્પ આવીને આપ બાળકો ને પોતાનો પરિચય આપે છે, તમારે પણ બધાં ને બાપ નો યથાર્થ પરિચય આપવાનો છે"

પ્રશ્ન :- બાળકો નાં કયા પ્રશ્ન ને સાંભળીને બાપ પણ વન્ડર (આશ્ચર્ય) ખાય છે?

ઉત્તર :- બાળકો કહે છે - બાબા, તમારો પરિચય આપવો ખૂબ મુશ્કેલ છે. અમે તમારો પરિચય કેવી રીતે આપીએ? આ પ્રશ્ન સાંભળીને બાપ ને પણ વન્ડર લાગે છે. જ્યારે તમને બાપે પોતાનો પરિચય આપ્યો છે તો તમે પણ બીજાને આપી શકો છો, એમાં મુશ્કેલી ની વાત જ નથી. આ તો ખૂબ સહજ છે. આપણે બધાં આત્માઓ નિરાકાર છીએ તો જરુર એમનાં બાપ પણ નિરાકાર હશે.

ઓમ્ શાંતિ ! મીઠાં-મીઠાં રુહાની બાળકો સમજે છે બેહદનાં બાપ ની પાસે બેઠાં છીએ. આ પણ જાણે છે બેહદ નાં બાપ આ રથ પર જ આવે છે. જ્યારે બાપદાદા કહે છે તો આ તો જાણે છે કે શિવબાબા છે અને એ આ રથ પર બેઠાં છે. પોતાનો પરિચય આપી રહ્યા છે. બાળકો જાણે છે એ બાબા છે, બાબા મત આપે છે કે રુહાની બાપ ને યાદ કરો તો પાપ ભસ્મ થઈ જાય, જેને યોગ-અગ્નિ કહેવાય છે. હવે તમે બાપ ને તો ઓળખો છો. તો એવું ક્યારેય થોડી કહેશો કે બાપ નો પરિચય બીજા ને કેવી રીતે આપું? તમને પણ બેહદનાં બાપ નો પરિચય છે તો જરુર આપી પણ શકો છો. પરિચય કેવી રીતે આપીએ, આ તો પ્રશ્ન જ નથી ઉઠતો. જેમ તમે બાપને જાણ્યા છે, એમ તમે કહી શકો છો કે આપણા આત્માઓનાં બાપ એક જ છે, આમાં મુંઝવાની જરુર નથી રહેતી. કોઈ-કોઈ કહે છે બાબા, તમારો પરિચય આપવો ખૂબ મુશ્કેલ થાય છે. અરે, બાપ નો પરિચય આપવો - આમાં તો મુશ્કેલી ની કોઈ વાત જ નથી. પશુઓ પણ ઈશારા થી સમજી જાય છે કે હું ફલાણા નું બચ્ચું છું. તમે પણ જાણો છો કે આપણા આત્માઓ નાં એ બાપ છે. આપણા આત્માઓ નો હમણાં આ શરીર માં પ્રવેશ છે. જેમ બાબાએ સમજાવ્યું છે કે આત્મા અકાળમૂર્ત છે. એવું નથી એનું કોઈ રુપ નથી. બાળકોએ ઓળખ્યા છે - બિલકુલ સહજ વાત છે. આત્માઓનાં એક જ નિરાકાર બાપ છે. આપણે બધાં આત્માઓ ભાઈ-ભાઈ છીએ. બાપ નાં સંતાન છીએ. બાપ પાસે થી આપણને વારસો મળે છે. આ પણ જાણે છે એવું કોઈ બાળક આ દુનિયામાં નહીં હોય જે બાપ ને અને એમની રચના ને ન જાણતા હોય. બાપની પાસે શું પ્રોપર્ટી છે? તે બધું જાણે છે. આ છે જ આત્માઓ અને પરમાત્મા નો મેળો. આ કલ્યાણકારી મેળો છે. બાપ છે જ કલ્યાણકારી. ખૂબ કલ્યાણ કરે છે. બાપ ને ઓળખવાથી સમજો છો - બેહદનાં બાપ પાસે થી આપણને બેહદ નો વારસો મળે છે. એ જે સંન્યાસી ગુરુ હોય છે, એમનાં શિષ્યો ને ગુરુ નાં વારસા ની ખબર નથી રહેતી. ગુરુ ની પાસે શું મિલકત છે, આ કોઈ શિષ્ય મુશ્કેલ જ જાણતા હશે. તમારી બુદ્ધિમાં તો છે - એ શિવબાબા છે, મિલકત પણ બાબાની પાસે હોય છે. બાળકો જાણે છે બેહદનાં બાપની પાસે મિલકત છે - વિશ્વની બાદશાહી સ્વર્ગ. આ વાતો આપ બાળકો સિવાય, બીજા કોઈની બુદ્ધિમાં નથી. લૌકિક બાપની પાસે શું મિલકત છે? તે એમનાં બાળકો જ જાણે છે. હવે તમે કહેશો આપણે જીતે જી પારલૌકિક બાપ નાં બન્યા છીએ. એમની પાસેથી શું મળે છે? એ પણ જાણીએ છીએ. આપણે પહેલાં શુદ્ર કુળ માં હતાં, હવે બ્રાહ્મણ કુળ માં આવી ગયા છીએ. આ નોલેજ છે કે બાબા આ બ્રહ્મા તન માં આવે છે, આમને પ્રજાપિતા બ્રહ્મા કહેવાય છે. એ (શિવ) તો છે સર્વ આત્માઓનાં પિતા. આમને (પ્રજાપિતા બ્રહ્માને) ગ્રેટ-ગ્રેટ ગ્રેન્ડ ફાધર કહે છે. હવે આપણે એમનાં બાળકો બન્યા છીએ. શિવબાબા માટે તો કહે છે એ હાજરા-હજૂર છે. જાની-જાનનહાર છે. આ પણ હવે તમે સમજો છો કે તે કેવી રીતે રચનાનાં આદિ-મધ્ય-અંત ની નોલેજ આપે છે! એ સર્વ આત્માઓનાં બાપ છે, એમને નામ-રુપ થી ન્યારા કહેવું તો ખોટું છે. એમનાં નામ-રુપ પણ યાદ છે. રાત્રિ પણ મનાવે છે, જયંતિ તો મનુષ્યો ની હોય છે. શિવબાબા ની રાત્રિ કહેવાશે. બાળકો સમજે છે રાત્રિ કોને કહેવાય છે? રાત્રે ઘોર અંધકાર થઈ જાય છે. અજ્ઞાન અંધકાર છે ને? જ્ઞાન-સૂર્ય પ્રગટા અજ્ઞાન-અંધેર વિનાશ - હમણાં પણ ગાય છે પરંતુ અર્થ કંઈ નથી સમજતાં. સૂર્ય કોણ છે? ક્યારે પ્રગટ્યા? કંઈ નથી સમજતાં. બાપ સમજાવે છે જ્ઞાન-સૂર્ય ને જ્ઞાન-સાગર પણ કહેવાય છે. બેહદનાં બાપ જ્ઞાન નાં સાગર છે. સંન્યાસી, ગુરુ-ગોસાઈ વગેરે પોતાને શાસ્ત્રો ની ઓથોરિટી સમજે છે, એ બધી છે ભક્તિ. ખૂબ વેદ-શાસ્ત્ર વાંચીને વિદ્વાન થાય છે. તો બાપ રુહાની બાળકોને સમજાવે છે, આને કહેવાય છે આત્મા અને પરમાત્મા નો મેળો. તમે સમજો છો બાપ આ રથ માં આવેલાં છે. આ

મિલન ને જ મેળો કહેવાય છે. જ્યારે આપણે ઘરે જઈએ છીએ તો તે પણ મેળો છે. અહીં બાપ સ્વયં બેસીને ભણાવે છે. એ બાપ પણ છે, શિક્ષક પણ છે. આ એક જ પોઈન્ટ સારી રીતે ધારણ કરો, ભૂલો નહીં. હવે બાપ તો છે નિરાકાર, એમને પોતાનું શરીર નથી તો જરુર લેવું પડે. તો સ્વયં કહે છે, હું પ્રકૃતિ નો આધાર લઉં છું. નહીં તો બોલું કેવી રીતે? શરીર વગર તો બોલાય નહીં. તો બાપ આ તન માં આવે છે, આમનું નામ રાખ્યું છે બ્રહ્મા. આપણે પણ ક્ષુદ્ર થી બ્રાહ્મણ બન્યા તો નામ બદલાવું જ જોઈએ. નામ તો તમારા રાખ્યા હતાં. પરંતુ એમાં પણ હમણાં જુઓ તો ઘણાં છે જ નહીં એટલે બ્રાહ્મણોની માળા નથી હોતી. ભક્તમાળા અને રુદ્રમાળા ગવાયેલી છે. બ્રાહ્મણો ની માળા નથી હોતી. વિષ્ણુ ની માળા તો ચાલી આવી છે. સૂક્ષ્મ વતન માં વિષ્ણુ પણ ૪ ભુજાવાળા દેખાડ્યા છે. બે ભુજા લક્ષ્મી ની, બે ભુજા નારાયણ ની.

બાપ સમજાવે છે હું ધોબી છું. હું યોગબળ થી આપ આત્માઓને શુદ્ધ બનાવું છું છતાં પણ તમે વિકાર માં જઈને પોતાનો શૃંગાર જ ગુમાવી દો છો. બાપ આવે છે બધાં ને શુદ્ધ બનાવવાં. આત્માઓને આવીને શીખવાડે છે તો શીખવાડવા વાળા જરુર અહીં જોઈએ ને? પોકારે પણ છે આવીને પાવન બનાવો. કપડા પણ મેલા થાય છે તો એને ધોઈને શુદ્ધ બનાવાય છે. તમે પણ પોકારો છો - હે પતિત-પાવન બાબા, આવીને પાવન બનાવો. આત્મા પાવન બને તો શરીર પણ પાવન મળે. તો પહેલી-પહેલી મૂળ વાત હોય છે બાપ નો પરિચય આપવાની. બાપ નો પરિચય કેવી રીતે આપીએ? આ તો પ્રશ્ન જ ન પૂછી શકો. તમને પણ બાપે પરિચય આપ્યો છે ત્યારે તો તમે આવ્યા છો ને? બાપ પાસે આવો છો, બાપ ક્યાં છે? આ રથ માં. આ છે અકાળતખ્ત. તમે આત્મા પણ અકાળમૂર્ત છો. આ બધાં તમારા તખ્ત છે, જેના પર તમે આત્માઓ વિરાજમાન છો. તે તો અકાળતખ્ત જડ થઈ ગયું ને? તમે જાણો છો હું અકાળમૂર્ત અર્થાત્ નિરાકાર, જેનું સાકાર રુપ નથી. હું આત્મા અવિનાશી છું, ક્યારેય વિનાશ થઈ ન શકે. એક શરીર છોડી બીજું લઉં છું. મુજ આત્માનો પાર્ટ અવિનાશી નોંધાયેલો છે. આજ થી ૫ હજાર વર્ષ પહેલાં પણ આપણો આમ જ પાર્ટ શરુ થયો હતો. એક-એક સંવત થી આપણે અહીં પાર્ટ ભજવવા ઘરે થી આવીએ છીએ. આ છે જ ૫ હજાર વર્ષ નું ચક્ર. તે તો લાખો વર્ષ કહી દે છે એટલે થોડા વર્ષો નું વિચાર માં નથી આવતું. તો બાળકો એવું ક્યારેય કહી ન શકે કે અમે બાપ નો પરિચય કોઈને કેવી રીતે આપીએ? એવાં-એવાં પ્રશ્ન પૂછે છે તો વન્ડર લાગે છે. અરે, તમે બાપ નાં બન્યા છો, પછી બાપ નો પરિચય કેમ નથી આપી શકતાં? આપણે બધાં આત્માઓ છીએ, એ આપણા બાબા છે. સર્વ ની સદ્દગતિ કરે છે. સદ્દગતિ ક્યારે કરશે એ પણ તમને હવે ખબર પડી છે. કલ્પ-કલ્પ, કલ્પ નાં સંગમયુગ પર આવીને બધાની સદ્દગતિ કરશે. તે તો સમજે છે - હજી ૪૦ હજાર વર્ષ બાકી છે અને પહેલાથી જ કહી દે છે નામ-રુપ થી ન્યારા છે. હવે નામ-રુપ થી ન્યારી કોઈ વસ્તુ થોડી હોય છે? પથ્થર-ભિત્તર નું પણ નામ છે ને? તો બાપ કહે છે - મીઠાં-મીઠાં બાળકો, તમે આવ્યા છો બેહદનાં બાપ ની પાસે. બાપ પણ જાણે છે, કેટલાં અસંખ્ય બાળકો છે. બાળકોએ હવે હદ અને બેહદથી પણ પાર જવાનું છે. બધાં બાળકોને જુએ છે, જાણે છે આ બધાને હું લેવા માટે આવ્યો છું. સતયુગ માં તો ખૂબ થોડા હશે. કેટલું સ્પષ્ટ છે એટલે ચિત્રો પર સમજાવાય છે. નોલેજ તો બિલકુલ સહજ છે. બાકી યાદ ની યાત્રા માં સમય લાગે છે. આવાં બાપ ને તો ક્યારેય ભૂલવા ન જોઈએ. બાપ કહે છે મામેકમ્ યાદ કરો તો પાવન બની જશો. હું આવું જ છું પતિત થી પાવન બનાવવાં. તમે અકાળમૂર્ત આત્માઓ બધાં પોત-પોતાનાં તખ્ત પર વિરાજમાન છો. બાબાએ પણ આ જ તખ્ત ઉધાર લીધું છે. આ ભાગ્યશાળી રથ માં બાપ પ્રવેશ કરે છે. કોઈ કહે છે પરમાત્મા નું નામ-રુપ નથી. આ તો બની જ ન શકે. એમને પોકારે છે, મહિમા ગાય છે, તો જરુર કોઈ ચીજ છે ને? તમોપ્રધાન હોવાનાં કારણે કંઈ પણ સમજતા નથી. બાપ સમજાવે છે - મીઠાં-મીઠાં બાળકો, આટલી ૮૪ લાખ યોનિઓ તો કોઈ હોતી નથી. છે જ ૮૪ જન્મ. પુનર્જન્મ પણ બધાનો હશે. એમ થોડી બ્રહ્મ માં જઈને લીન થશે કે મોક્ષ ને મેળવશે? આ તો પૂર્વ નિર્ધારિત ડ્રામા છે. એક પણ ઓછા-વત્તા ન થઈ શકે. આ અનાદિ-અવિનાશી ડ્રામા થી જ પછી નાનાં-નાનાં ડ્રામા તથા નાટક બનાવે છે. એ છે વિનાશી. હવે આપ બાળકો બેહદ માં છો. આપ બાળકોને આ નોલેજ મળેલી છે - આપણે કેવી રીતે ૮૪ જન્મ લીધાં છે. હમણાં બાપે બતાવ્યું છે, પહેલાં કોઈને ખબર નહોતી. ઋષિ-મુનિ પણ કહેતા હતાં - અમે નથી જાણતાં. બાપ આવે જ છે સંગમયુગ પર, આ જૂની દુનિયા ને બદલવાં. બ્રહ્મા દ્વારા નવી દુનિયાની સ્થાપના ફરી થી કરે છે. તે તો લાખો વર્ષ કહી દે છે. કોઈ વાત યાદ પણ ન આવી શકે. મહાપ્રલય પણ કંઈ થતો નથી. બાપ રાજયોગ શીખવાડે છે, પછી રાજાઈ તમે મેળવો છો. આમાં તો સંશય ની કોઈ વાત જ નથી. આપ બાળકો જાણો છો પહેલાં નંબર માં સૌથી પ્રિય છે બાપ, એમનાં પછી પ્રિય છે શ્રીકૃષ્ણ. તમે જાણો છો શ્રીકૃષ્ણ છે સ્વર્ગ નાં પ્રથમ રાજકુમાર, નંબરવન. એ જ પછી ૮૪ જન્મ લે છે. એમના જ અંતિમ જન્મ માં હું પ્રવેશ કરું છું. હવે તમારે પતિત થી પાવન બનવાનું છે. પતિત-પાવન બાપ જ છે, પાણી ની

નદીઓ થોડી પાવન કરી શકે છે? આ નદીઓ તો સતયુગ માં પણ હોય છે. ત્યાં તો પાણી ખૂબ શુદ્ધ રહે છે. કીચડ વગેરે કંઈ નથી હોતું. અહીં તો કેટલો કચરો પડતો રહે છે. બાબાએ જોયેલું છે. એ સમયે તો જ્ઞાન નહોતું. હવે વન્ડર લાગે છે પાણી કેવી રીતે પાવન બનાવી શકે છે?

તો બાપ સમજાવે છે - મીઠાં બાળકો, ક્યારેય પણ મૂંઝાશો નહીં કે બાપ ને યાદ કેવી રીતે કરીએ? અરે, તમે બાપ ને યાદ નથી કરી શકતાં? એ છે કુખ ની સંતાન, તમે છો અડોપ્ટેડ બાળકો. અડોપ્ટેડ બાળકોને જે બાપ પાસે થી મિલકત મળે છે, એમને ભૂલી શકાય શું? બેહદ નાં બાપ પાસેથી બેહદની મિલકત મળે છે તો એમને ભૂલવા થોડી જોઈએ? લૌકિક બાળકો બાપ ને ભૂલે છે શું? પરંતુ અહીં માયા નો વિરોધ થાય છે. માયાનું યુદ્ધ ચાલે છે, આખી દુનિયા કર્મક્ષેત્ર છે. આત્મા આ શરીર માં પ્રવેશ કરી અહીં કર્મ કરે છે. બાપ કર્મ-અકર્મ-વિકર્મ નાં રહસ્ય સમજાવે છે. અહીં રાવણ રાજ્ય માં કર્મ વિકર્મ બની જાય છે. ત્યાં રાવણ રાજ્ય જ નથી તો કર્મ અકર્મ બની જાય છે, વિકર્મ કોઈ થતાં જ નથી. આ તો ખૂબ સહજ વાત છે. અહીં રાવણ રાજ્ય માં કર્મ વિકર્મ બને છે એટલે વિકર્મો નો દંડ ભોગવવો પડે છે. એવું થોડી કહેવાશે રાવણ અનાદિ છે. ના, અડધો કલ્પ છે રાવણ રાજ્ય, અડધો કલ્પ છે રામરાજ્ય. તમે જ્યારે દેવતા હતાં તો તમારા કર્મ અકર્મ થતા હતાં. હવે આ છે જ્ઞાન. બાળક બન્યા છો તો પછી ભણતર ભણવાનું છે. બસ, પછી બીજા કોઈ ધંધા વગરે નાં વિચાર પણ ન આવવા જોઈએ. પરંતુ ગૃહસ્થ વ્યવહાર માં રહેતા ધંધો વગેરે પણ કરવાવાળા છે તો બાપ કહે છે કમળફૂલ સમાન રહો. આવાં દેવતા તમે બનવાનાં છો. તે નિશાની વિષ્ણુ ને આપી દીધી છે કારણ કે તમને શોભશે નહીં. એમને શોભે છે. એ જ વિષ્ણુ નાં બે રુપ લક્ષ્મી-નારાયણ બનવાનાં છે. તે છે જ અહિંસા પરમો દેવી-દેવતા ધર્મ. નથી કોઈ વિકાર ની કામ કટારી ચાલતી, નથી કોઈ લડાઈ-ઝઘડા થતાં. તમે ડબલ અહિંસક બનો છો. સતયુગ નાં માલિક હતાં. નામ જ છે સ્વર્ણિમયુગ. કંચન દુનિયા. આત્મા અને કાયા બંને કંચન બની જાય છે. કંચન કાયા કોણ બનાવે છે? બાપ. હમણાં તો આયરન એજ (કળિયુગ) છે ને? હવે તમે કહો છો સતયુગ વીતી ગયો છે. કાલે સતયુગ હતો ને? તમે રાજ્ય કરતા હતાં. તમે નોલેજફુલ બનતા જાઓ છો. બધાં તો એક જેવા નહીં બનશે! અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. હું આત્મા અકાળ તખ્તનશીન છું, આ સ્મૃતિ માં રહેવાનું છે. હદ અને બેહદ થી પાર જવાનું છે એટલે હદો માં બુદ્ધિ નથી ફસાવવાની.
2. બેહદ બાપ પાસે થી બેહદ ની મિલકત મળે છે, આ નશા માં રહેવાનું છે. કર્મ-અકર્મ-વિકર્મ ની ગતિ ને જાણી વિકર્મો થી બચવાનું છે. ભણવાનાં સમયે ધંધા વગેરે માંથી બુદ્ધિ કાઢી નાખવાની છે.

વરદાન :- શ્રીમત ની લગામ ને ટાઈટ કરી મન ને વશ કરવાવાળા બાળક સો માલિક ભવ

દુનિયા વાળા કહે છે મન ઘોડો છે જે ખૂબ તેજ ભાગે છે, પરંતુ તમારું મન આમ-તેમ ભાગી નથી શકતું કારણ કે શ્રીમત ની લગામ મજબૂત છે. જ્યારે મન-બુદ્ધિ સાઈડસીન ને જોવામાં લાગી જાય છે તો લગામ ઢીલી હોવાથી મન ચંચળ થાય છે એટલે જ્યારે પણ કોઈ વાત હોય, મન ચંચળ થાય તો શ્રીમત ની લગામ ટાઈટ કરો તો મંઝિલ પર પહોંચી જશો. બાળક સો માલિક છું - આ સ્મૃતિ થી અધિકારી બની મન ને પોતાનાં વશ માં રાખો.

સ્લોગન :- સદા નિશ્ચય હોય કે જે થઈ રહ્યું છે તે પણ સારું અને જે થવાનું છે તે વધારે સારું તો અચલ-અડોલ રહેશો.